# બ્લોકચેન ડેવલપર

બ્લોકચેન એ ડેટાબેઝનો એક પ્રકાર છે જેનો ઉપયોગ માહિતીને સંગ્રહિત કરવા અને સુવ્યવસ્થિત ગોઠવવા માટે થાય છે. આ ટેક્નોલોજી વ્યવસાયોને તૃતીય પક્ષોને સામેલ કર્યા વિના સુરક્ષિત વ્યવહારો કરવા દે છે. બ્લોકચેન ડેવલપર્સ, બ્લોકચેન એપ્લિકેશન્સ તેમજ સિસ્ટમ્સનું નિર્માણ, જાળવણી અને ડિઝાઇન કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કમ્પ્યુટર પર સહજ રીતે કામ કરી શકો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમે કામ કરતી વખતે વિગતો પર ધ્યાન આપો છો
- તમે ટીમ સાથે મળીને કામ કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૧૫,૫૪,૦૦૦*,**

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે,*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)

૨. કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરીંગ, બ્લોકચેન ટેકનોલોજીમાં સ્નાતક (B.Tech/BE/BSc)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Tech/ME/MSC)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, પ્રોસેસ ઓટોમેશન/બ્લોકચેનમાં અનુસ્નાતક (MBA)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

બ્લોકચેન ડેવલપરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૦,૦૦૦ થી ૪,૧૭,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Skill=Blockchain_Technology/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે દેશભરમાં અથવા વિદેશોમાં પણ અનેક આઈ.ટી. કંપનીઓમાં તક શોધી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

**ઉદ્યોગ સાહસિકતા:** આ ક્ષેત્રમાં તમે ફ્રીલાન્સિંગ કરી શકો છો અથવા તમારી પોતાની કંપની શરૂ કરી શકો છો.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર બ્લોકચેન ડેવલપર → સિનિયર બ્લોકચેન ડેવલપર → મુખ્ય બ્લોકચેન ડેવલપર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બ્લોકચેન, બ્લોકચેન ડેવલપર, બ્લોકચેન એન્જિનિયર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તમિલનાડુ
૩. આત્મારામ સનાતન ધર્મ કોલેજ, નવી દિલ્હી
૪. એસ.વી.એન.આઈ.ટી., સુરત
૫. ભાસ્કરાચાર્ય કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ, નવી દિલ્હી
૬. કોલેજ ઓફ એપ્લાઇડ સાયન્સ (આઈ.એચ.આર.ડી.), કેરળ
૭. ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજ, ગાંધીનગર
૮. ઈસ્ટ કલકત્તા ગર્લ્સ કોલેજ, કોલકાતા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. વેલ્લોર ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, વેલ્લોર
૨. ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, વડોદરા
૩. પીડીઈયુ, ગાંધીનગર
૪. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, ફગવાડા
૫. ચારૂસત, આણંદ
૬. સમ્રાટ અશોક ટેક્નોલોજિકલ ઇન્સ્ટિટ્યુટ, વિદિશા
૭. શનમુઘા આર્ટસ સાયન્સ ટેક્નોલોજી રિસર્ચ એકેડમી, તમિલનાડુ
૮. નીરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL * સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_cs44/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મંજુ મોહન** ટેક કંપની આયોનિક્સ ટેકનોલોજીના સી.ઈ.ઓ. અને સહ-સ્થાપક છે. મંજુ મોહને, યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓન્ટારિયો (કેનેડા)માંથી કમ્પ્યુટર સાયન્સ અને ઈકોનોમિક્સમાં સ્નાતકની પદવી હાંસલ કરેલ છે અને સાન ફ્રાન્સિસ્કો સ્ટેટ યુનિવર્સિટીમાંથી ઈન્સ્ટ્રક્શનલ ડિઝાઈનમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે. તેણી યુઝર એક્સપિરિયન્સ ડિઝાઈનમાં કુશળ છે અને બ્લોકચેન ટેક્નોલોજીમાં સારી રીતે વાકેફ છે. તેઓ હાલમાં કેલિફોર્નિયાના ઈર્વિનમાં રહે છે*

સ્રોત: wef.org.in/manju-mohan/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.